(1) હાયપોક્સીયા (Hypoxia) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) શરીરના અંગોને અને લોહીને પૂરતી માત્રામાં ઓક્સિજન ન મળી શકવાની પરિસ્થિતિને હાયપોક્સીયા કહે છે.
(2) લોહીમાં ઓક્સિજનનું પ્રમાણ તપાસવાના ઉપકરણને પલ્સ ઓક્સિમીટર (Pulse Oximeter) કહે છે.
(3) પલ્સ ઓક્સિમીટરમાં 75%થી ઉપરનું પ્રમાણ સામાન્ય કહેવાય છે.
(4) સાયલન્ટ હાયપોક્સીયામાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી જવાં છતાં દર્દીમાં શ્વાસ ઘટવાના કે ડિસ્ટ્રેસ (Distress)ના લક્ષણો જોવાં મળતાં નથી.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ શરીરના અંગોમાં તથા લોહીમાં પૂરતાં પ્રમાણમાં ઓક્સિજન ન મળતો હોય તેવી પરિસ્થિતિને હાયપોક્સીયા કહે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ લોહીમાં ઓક્સિજનનું પ્રમાણ જાણવા માટે પલ્સ ઓક્સિમીટરનો ઉપયોગ કરવામાં આવે છે. (આથી, વિધા (2) સાચું છે.)

⇛ 95થી 100%નું રિડીંગ સામાન્ય પરિસ્થિતિ દર્શાવે છે.

⇛ 90%થી નીચેનું રિડીંગ ઓછું ગણવામાં આવે છે. આ સમયે દર્દીમાં થાક લાગવો, મૂંઝવણ થવી, મગજ સુધી ઓક્સિજન ન પહોંચવો વગેરે જેવા લક્ષણો જોવા મળે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ જ્યારે આ રિડીંગ 80%થી નીચે જાય છે ત્યારે શરીરના અંગોને નુકશાન પહોંચાડી શકે છે.

⇛ COVID-19ના કેટલાંક દર્દીઓમાં 'સાયલન્ટ' કે 'હેપી' હાયપોક્સીયાની પરિસ્થિતિ જોવા મળી છે. આ પરિસ્થિતિમાં દર્દીને શ્વાસ લેવામાં તકલીફ પડતી નથી કે તે ડિસ્ટ્રેસમાં દેખાતો નથી. આથી, ઓક્સિજનની ઓછી માત્રાને ઓળખવી કઠિન બની જાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'ગરુડ' પોર્ટલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) ગરુડ (GARUD)નું પૂરું નામ ગવર્મેન્ટ ઓથોરાઈઝેશન ફોર રેપીડ યુટીલિટી ડ્રોન છે.
(2) આ પોર્ટલ દ્વારા કોરોના વાયરસ માટે ડ્રોનના ઉપયોગ માટે ઝડપથી એકઝેમ્પ્શન (Exemption) આપવામાં આવશે.
(3) આ પોર્ટલમાં જે–તે રાજ્યની સરકાર તે રાજ્યના લોકોને કે સંસ્થાઓને ડ્રોન વાપરવાની પરવાનગી આપશે.
(4) આ પોર્ટલ 'DGCA' દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1) અને (2)
(D) માત્ર (3) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલય અને **DGCA (Directorate General and Civil Aviation)** દ્વારા ગરુડ પોર્ટલ લોન્ચ કરવામાં આવેલું છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇛ અહીં ગરુડનું પૂરું નામ ગવર્મેન્ટ ઓથોરાઈઝેશન ફોર રિલિફ યુઝીંગ ડ્રોન્સ છે. (આથી, વિધાન **(1)** ખોટું છે.)

⇛ આ પોર્ટલ દ્વારા **COVID-19**ને લગતાં કાર્યો માટે ડ્રોન વપરાશ માટેનું એકઝેમ્પ્શન ઝડપથી મળી શકશે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ આ પોર્ટલ દ્વારા રાજ્યની વિવિધ સંસ્થાઓને કેન્દ્ર સરકાર પાસેથી ડ્રોન વાપરવાની પરવાનગી સહેલાઈથી મળી શકશે. (આથી, વિધાન **(3)** ખોટું છે.)

⇛ આ દ્વારા **COVID-19**ની વિવિધ મુશ્કેલીઓ સામે લડવા માટે યોગ્ય મદદ મળી રહેશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) 'આયુષ કવચ' એપ્લિકેશન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ એપ્લિકેશન દિલ્હી સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવી છે.

(2) તેનું નિર્માણ IIT દિલ્હીના વિદ્યાર્થીઓએ કરેલું છે.

(3) આ એપ્લિકેશન લોકોની રોગપ્રતિકારક શક્તિ વધારવા ઈચ્છે છે.

(4) આ એપ્લિકેશન આયુર્વેદિક દવાઓના વપરાશ માટેની ટિપ્સ્ (Tips) આપશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (1) અને (4)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ 5 મે, 2020ના રોજ ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા 'આયુષ કવચ' નામની એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ એપ્લિકેશન લોકોને આયુર્વેદ તથા યોગની પદ્ધતિ દ્વારા શરીરની રોગપ્રતિકારક શક્તિ કેવી રીતે વધારવી તેના વિશેની ટિપ્સ્ આપશે. (આથી, વિધાન (3) અને (4) સાચા છે.)

⇛ આ એપ્લિકેશન લોકોને આયુર્વેદ દવાઓ દ્વારા તેમની રોગપ્રતિકારક શક્તિ વધારવાનો હેતુ ધરાવે છે.

⇛ આ એપ્લિકેશન ઉત્તરપ્રદેશના આયુષ વિભાગ દ્વારા બનાવવામાં આવી છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ અગાઉ ભારત સરકારના આયુષ મંત્રાલયે પણ COVID-19 સમક્ષ રોગપ્રતિકારક શક્તિ વધારવાના કુદરતી ઉપાયો દર્શાવ્યા હતાં.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (4) CMIE દ્વારા જાહેર કરવામાં રિપોર્ટ મુજબ નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) બેરોજગારીનું પ્રમાણ 27.1% થયું છે.

(2) આશરે 7 કરોડ લોકો બેરોજગાર બન્યા છે.

(3) ગ્રામીણ બેરોજગારીનું પ્રમાણ 26.16% થયું છે.

(4) 5 કરોડ દૈનિક શ્રમિકોએ પોતાની આવક ગુમાવી છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં સેન્ટર ફોર મોનિટરીંગ ઓફ ઈન્ડિયન ઈકોનોમી (CMIE) દ્વારા ભારતની આર્થિક પરિસ્થિતિ માટેનો એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે.

⇛ આ રિપોર્ટના મુખ્ય તારણો નીચે મુજબના છે :

- આશરે 12.15 કરોડ લોકો બેરોજગાર બન્યા છે. (આથી, વિધાન (2) ખોટું છે.)
- આશરે 9.13 કરોડ દૈનિક શ્રમિકોએ પોતાની આવક ગુમાવી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)
- આ સાથે 1.82 કરોડ ઉદ્યમીઓ અને 1.78 કરોડ સેલેરી ધરાવતાં લોકોને પણ અસર થઈ છે.
- બેરોજગારીનો દર 27.1% થયો છે. (આથી, વિધાન (1) સાચું છે.)
- શહેરી અને ગ્રામીણ એમ બન્નેની બેરોજગારીમાં વધારો થયો છે.
- ગ્રામીણ વિસ્તારની બેરોજગારી 20.88%માંથી 26.16% થઈ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) 'સુરક્ષિત દાદા-દાદી એન્ડ નાના-નાની અભિયાન' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ અભિયાન આરોગ્ય મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવેલું છે.

(2) આ અભિયાન દેશના 20 રાજ્ય અને 119 જિલ્લાઓમાં કાર્યરત્ કરવામાં આવ્યું છે.

(3) આ અભિયાનનો મુખ્ય હેતુ સિનિયર સિટિઝનને સુરક્ષિત રાખવાનો છે.

(4) આ અભિયાન દ્વારા 29 લાખ વૃદ્ધો સુધી પહોંચવામાં આવશે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (2) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં નીતિ આયોગ દ્વારા 'સુરક્ષિત દાદા–દાદી એન્ડ નાના–નાની અભિયાન લોન્ચ કરવામાં આવેલું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ અભિયાનમાં પિરામલ ફાઉન્ડેશન પણ સહકાર આપી રહી છે.

⇛ આ અભિયાન COVID-19 સમક્ષ સિનિયર સિટિઝનની સુરક્ષા કરવા ઈચ્છે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ અભિયાન સાત રાજ્યોના 25 આસ્પીરેશનલ ડિસ્ટ્રીક્ટમાં હાલ પૂરતું કાર્ય કરશે. આ સાત રાજ્યો આસામ, બિહાર, ઝારખંડ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ અભિયાન ઉપરોક્ત જિલ્લાઓના 29 લાખ વૃદ્ધો સુધી પહોંચશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ અભિયાન નીચેની બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

- વર્તણૂકમાં પરિવર્તન
- વિવિધ સુવિધાઓની પહોંચ
- COVID-19ના લક્ષણોને ઝડપથી ઓળખવા અને તેનું ટ્રેકીંગ કરવું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT